## સંક્ષિપ્ત સમાચાર

### વ્યારા નગરપાલિકા સામે કાર પર વીજપોલ પડ્યો

વ્યારા: વ્યારા નગર પાલિકા સામે પાર્ક કરેલી કાર ઉપર વીજ થાંભલો પડ્યો હતો. આ બનાવમાં ગાડીને સામાન્ય નુકસાન થયું હતું. ગાડીમાં કોઈ બેસેલું ન હોવાથી ચાલક સહિતનો બચાવ થયો હતો.

### મોટા બોરસરામાં પરપ્રાંતીય યુવાનનો આપઘાત

હથોડા: મધ્યપ્રદેશના કઠેરીનો વતની અને હાલમાં મોટા બોરસરાના નવાપરાના જય અંબે કોમ્પલેક્સના રૂમ નં.13માં રહેતા પ્રદીપ રામલાલ સાંકેત (ઉં.વ.22)એ અગમ્ય કારણોસર કાપડ વડે ફાંસો ખાઈ લેતાં તેનું મોત થયું હતું. આ બનાવ અંગે પોલીસ ચોકીના જમાદાર નલીનભાઈ ગોવિંદભાઈએ લાશનો કબજો લઈ વધુ તપાસ હાથ ધરી છે.

### કડોદરાથી તમંચા સાથે એક પકડાયો



પલસાણા: સુરત જિલ્લા એસઓજીની તમે ખાનગી રાહે મળેલી બાતમીના આધારે તાતીથૈયા ગામના સોની પાર્ક-2માં પુષ્પાબેન પાંડેની બિલ્ડિંગમાં બીજા માળે રૂમ નં.23માંથી શિવમ રામાનંદ (ઉં.વ.20) (હાલ રહે., તાતીથૈયા, સોનીપાર્ક-2, તા.પલસાણા, મૂળ રહે., ભિંડ, મધ્યપ્રદેશ)ની ધરપકડ કરી તેની પાસેથી દેશી હાથ બનાવટનો તમંચો કબજે લીધો હતો. આ તમંચો તેની સાથે નોકરી કરતાં કુલદીપ ઉર્ફે સોનુ દોહરેએ સાચવવા માટે આપ્યો હતો. પોલીસે કુલદીપને વોન્ટેડ જાહેર કરી બંને સામે આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### વ્યારાના કાપડ બજારમાં રમવા બાબતે બબાલ, ત્રણ વિરુદ્ધ પોલીસ ફરિયાદ

વ્યારા: વ્યારાના કાપડ બજારમાં ખ્યાતિબેન વિજયભાઇ મૈસુરિયાનો છોકરો ભવ્ય (ઉં.વ.૯) રમવા માટે જૂના નગર પાલિકા કોટ વિસ્તારમાં ગયો હતો. ત્યારે રાત્રે ૮ વાગ્યાના અરસામાં ધ્વનિએ અહીં રમવા માટે આવવું નહીં, ધ્વનિ શાહે ભવ્યની માતા ખ્યાતિને પણ બેથી ત્રણ લાફા મારી દીધા હતા. ધ્વનિ ચિરાગ શાહની સાથે ચિરાગ શાહ અને વસંત શાહ (તમામ રહે.,કાપડ બજાર, વ્યારા)એ પણ બોલાચાલી કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી હોવાનું જણાવી ખ્યાતિબેન મૈસુરિયાએ વ્યારા પોલીસમથકે આ ત્રણેય વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

### જીતાલીમાં જુગાર રમતા ચાર ઝરપાયા


સુરેશ ગાંધી

અંકલેશ્વર: અંકલેશ્વરના જીતાલીની સ્ટાર લેક સિટીના મકાન નં.21માં જુગાર રમતા જહુર માલવણી શેખ (રહે., સ્ટાર લેક સિટી, જીતાલી), જ્ઞાનચંદ શિવપૂજન સોની (રહે., કાંદીવલી ઇસ્ટ, મુંબઈ), શશીકાંત મુક્તિ મંડલ (રહે.,લક્ષ્મણનગર, સારંગપુર, અંકલેશ્વર), અજય સદાનંદ ધુમાડ (રહે.,ગોરેગાવ, પ્રેમનગર, મુંબઈ)ને ઝડપી પાડી 48 હજાર રોકડા સહિત કાર મળી કુલ 4.88 લાખનો મુદ્દામાલ કબજે કરી ભરૂચ ક્રાઇમ બ્રાંચે તમામ સામે કાર્યવાહી હાથ ધરી હતી.

### તિલકવાડાના ભાદરવામાં દારૂ સાથે એક ઝડપાયો

રાજપીપળા: તિલકવાડા પોલીસ ચેકિંગમાં હતી. એ દરમિયાન અજીત વસાવા (રહે., રેંગણ નિશાળ ફળિયું, તા. તિલકવાડા)એ મુન્ના ઉર્ફે મુન્નો ખુશાલ ડુ.ભીલ હાલ (રહે.,ઇન્દ્રમા, તા.તિલકવાડા, મૂળ રહે.,છોટા ઉદેપુર) પાસેથી કિં.રૂ.૫,૫૦૦નો દારૂ મંગાવી ભાદરવાના બસ સ્ટેન્ડ પાસે વેચાણ કરવાના ઇરાદે રાખ્યો હતો. તેની પાસે એક મોબાઇલ કિં.રૂ.૫,૦૦૦ મળી કુલ કિં.રૂ.૧૦,૫૦૦ કબજે લઈ તિલકવાડા પોલીસે અજિત વસાવા અને મુન્ના વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### રામગઢમાં ઘરમાં આગ

રાજપીપળા: નાંદોદના રામગઢની નવી નગરીમાં રહેતા ભાવેશ વસાવાના ઘરમાં શોર્ટ સર્કિટથી આગ લાગતાં ઘરમાં મૂકેલાં કપડાં, અનાજ સહિતનો સામાન આગમાં સ્વાહા થઈ ગયો હતો.

### શક્કરપોરમાં કારમાંથી દારૂ ઝડપાયો

અંકલેશ્વર, ભરૂચ: ભરૂચ એલસીબી સ્ટાફ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો. ત્યારે શક્કરપોરના ઉગમણા ફળિયામાં જૂના દીવા ગામના બુટલેગર જયેશ વસાવાએ ઇકો કાર નં.(જી.જે ૧૬.સીએચ.૫૫૭૫)માં દારૂ સંતાડ્યાની બાતમી મળતાં પોલીસે ૩૬ હજારનો દારૂ,૩ ઇકો કાર મળી કુલ રૂ.૩.૩૬ લાખનો મુદ્દામાલ કબજે કરી જયેશને વોન્ટેડ જાહેર કર્યો હતો.

### પીપોદરા GIDCના શ્રમિકની લાશ મળી

હથોડા: મૂળ ઓરિસ્સાના નુવાપડાના વતની અને હાલમાં પીપોદરા જીઆઇડીસી મઝદા ગલીમાં મહેન્દ્રભાઈના મકાનમાં ભાડેથી રહેતા 44 વર્ષના શ્રમજીવી પીન્ટુ ખેતરોબાસીની એક કિલોમીટરના અંતરે પીપોદરા કન્યાસી રોડ પાસેથી લાશ મળી આવી હતી.

### વડ ગામની ઘટનામાં નરાધમ યુવકને ફાંસીની સજાની માંગ


વિનોદ મૈસુરીયા

વાંકલ: ઉમરપાડાના વડ ગામમાં રેપ વિથ મર્ડર કેસમાં આરોપીને ઝડપથી સજા મળે અને કેસ ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ચાલે એવી માંગ સાથે મામલતદાર અને વન વિભાગને આવેદન પાઠવાયું હતું. લોકોએ મૃત બાળકીને ન્યાય આપો, આરોપીને ફાંસી આપોના સૂત્રોચ્ચાર કર્યા હતા.

# ગરુડેશ્વરના આમદલા ગામે અપૂરતી વીજળી મળતાં ગ્રામજનોમાં આક્રોશ

**ગરુડેશ્વર** વીજ કંપનીના અધિકારીને ગ્રામજનોની લેખિત રજૂઆત

રાજપીપળા: નર્મદા જિલ્લાના ગરુડેશ્વરના આમદલા ગામમાં પૂરતી વીજળી આપવા બાબતે ગ્રામજનોએ NSUIના જિલ્લા પ્રમુખ તેજસ તડવીની આગેવાનીમાં ગરુડેશ્વર વીજ કંપનીના અધિકારીને લેખિત રજૂઆત કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગ્રામજનો એ તેમની રજૂઆતમાં જણાવ્યા મુજબ આમદલા ગ્રામ પંચાયતની ગોચર જમીન પર વર્ષ-૨૦૦૯થી ૨૦૧૦ની સાલમાં સબ સ્ટેશન બનાવાયું છે. આ સબ સ્ટેશનના નિર્માણથી અમારા ગામમાં એક ખુશીનો માહોલ હતો કે ગામમાં પૂરતા પ્રમાણમાં વીજળી મળશે. પરંતુ વોલ્ટેજ અનિયમિત હોવાથી વીજ સાધનોને નુકસાન થાય છે. ખાસ સાંજે તેમજ રાત્રિના સમયે વીજપ્રવાહ બંધ કરી દેવાતાં ગામ લોકોને અન્યાય થઈ રહ્યો હોય તેવું લાગી રહ્યું છે. જો પોલીસ લાઈન, ટેન્ટ સિટી, ભારત ભવન અને સરકીટ હાઉસમાં ૨૪ કલાક વીજળી મળતી હોય તો અમને કેમ અન્યાય કરાય છે એવો આક્ષેપ કરાયો છે. આ બાબતે યોગ્ય વ્યવસ્થા કરવા વિનંતી છે.

વધુમાં ગ્રામજનોએ જણાવ્યા મુજબ આ સમસ્યાનું સમાધાન 5થી 6 દિવસમાં થાય એવી અમારી માંગણી છે. જો માંગ મુજબ કાર્યવાહી કરવામાં નહીં આવે તો ગામમાં કોઇ બનાવ બને તેની કોઈપણ જવાબદારી અમારી રહેશે નહીં એવી ચીમકી પણ રજૂઆતમાં ઉચ્ચારી છે.

## રામગઢ ગામમાં દીપડો ઘૂસતાં લોકોમાં ભય

રાજપીપળા: નાંદોદના રામગઢમાં સોમવારે બપોરે એક દીપડો ગામમાં લટાર મારતાં જોવા મળતાં ગ્રામજનોમાં ભય ફેલાયો હતો અને કોઈકે વન વિભાગને જાણ કરી ત્યારે વનકર્મીઓ આવ્યા હતા. પરંતુ દીપડો ત્યાંથી ચાલ્યો ગયો હતો. બાદ આ દીપડો રાત્રે બે વાગે ગામના એક ઘરમાં આવી ચઢતાં બૂમાબૂમ થતાં લોકો એકઠા થયા હતા. બાદ અંધારામાં રાજપીપળા વન વિભાગની ટીમે દીપડાને ઝડપી લેતાં ગ્રામજનોને રાહત થઈ હતી. પણ હજુ બીજા બે દીપડા આ તરફ ફરતા હોવાનું ગ્રામજનોનું કહેવું છે. ત્યારે વન વિભાગ પગલાં લે એ જરૂરી છે.

# ઉંભેળ વિવિધ કાર્યકારી સહકારી મંડળીના પ્રમુખ તરીકે નિકુંજ દેસાઇ

**ઉપપ્રમુખ** પદે ડે.સરપંચ દર્શન પટેલની બિનહરીફ વરણી


વિશાલ પટેલ

કામરેજ: ઉંભેળ ગામે આવેલી ઉંભેળ વિવિધ કાર્યકારી સહકારી મંડળીમાં પ્રમુખ અને ઉપપ્રમુખની બિનહરીફ વરણી થઈ હતી.

કામરેજ તાલુકાના ઉંભેળ ખાતે આવેલી વિવિધ કાર્યકારી સહકારી મંડળીની વ્યવસ્થાપક કમિટીના સભ્યોની મીટિંગ મળી હતી, જેમાં સંસ્થાના પ્રમુખ અને ઉપપ્રમુખની મંગળવારે વરણી કરવામાં આવી હતી. પ્રમુખ તરીકે નિકુંજ હેમંતભાઈ દેસાઈ(લાડવી)ની દરખાસ્ત ગીરીશભાઈ દોલતભાઈ દેસાઈ(લાડવી)એ મૂકી હતી અને નિશિત દિનેશભાઈ દેસાઈ(વલથાણ)એ ટેકો આપ્યો હતો. જ્યારે ઉપપ્રમુખ પદ માટે ઉંભેળ ગામના યુવા ડે.સરપંચ ઉંભેળ દૂધ અને શાકભાજી ઉત્પાદક સહકારી મંડળીના ડિરેક્ટર, લાલચૂડા કડવા પાટીદાર યુવકમંડળમાં સાંસ્કૃતિક સમિતિના કન્વીનર એવા દર્શન અમૃતલાલ પટેલની દરખાસ્ત હેમંતભાઈ હસમુખભાઈ પટેલ (ઉંભેળ)એ મૂકી અને ગોવિંદભાઈ ઉકાભાઈ આહિર(ઉંભેળ)એ ટેકો આપ્યો હતો. આમ છેલ્લાં 71 વર્ષના સમય દરમિયાન યુવા પાંખને સંસ્થાનું સુકાન સોંપવામાં આવ્યું છે.

# ચાલુ ટ્રેને બારીમાંથી રાજકોટની મહિલાના બે અછોડા તોડી સ્નેચર રફુચક્કર

**રૂ.૧ લાખથી** વધુના બે અછોડા ચોરાતાં પોલીસ ફરિયાદ

ભરૂચ: ટ્રેનમાં મુસાફરી વેળા જોખમ દિન-બ-દિનસ વધતું જાય છે. ત્યારે ચાલુ ટ્રેને બારીમાંથી રાજકોટની મહિલાના બે અછોડા તોડી સ્નેચર રફુચક્કર થઇ ગયા હતા.

રાજકોટના ગાંધીગ્રામ ખાતે રહેતી રેખાબેન ભગવાનજી સોલંકી કામ અર્થે મુંબઇ ગયાં હતાં. જ્યાંથી તેઓ બોરીવલી રેલવે સ્ટેશનેથી સૌરાષ્ટ્ર એક્સપ્રેસ ટ્રેનમાં કોચ નંબર એસ-6માં તેમની 28 નંબરની સીટ પર રિઝર્વેશન કરાવી રાજકોટ પરત જવા માટે નીકળ્યાં હતાં. તેઓ રાત્રિના સમયે તેમની સીટ પર સૂઇ ગયાં હતાં. રાત્રિના અઢી વાગ્યાના અરસામાં ભરૂચ રેલવે સ્ટેશન આવતાં ટ્રેન ઊભી રહી હતી. જે બાદ ટ્રેન ઉપડીને ધીમે ધીમે સ્પીડ પકડતી હતી. ત્યારે 20-21 વર્ષના એક ગઠિયાએ બારીમાંથી હાથ નાંખી તેમણે પહેરેલી સોનાની ચેઇન તેમજ ચાંદીની કંઠી મળી કુલ રૂ.1,01,500 મત્તાના બે અછોડા આંચકીને ત્યાંથી ભાગી છૂટ્યો હતો. આ બનાવ સંદર્ભે ભરૂચ રેલવે પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભરૂચ-અંકલેશ્વર સહિતનાં રેલવે સ્ટેશનોનાં પ્લેટફોર્મ રાત્રિના સમયે પોલીસ માટે પડકારસમાન છે.

# આણંદથી 14 ભેંસ અને 1 પાડો ભરી ભરૂચના કતલખાને જતી ટ્રક ઝડપાઈ

**દહેગામ** પાસે નવા એક્સપ્રેસ વે ઉપર પોલીસની કાર્યવાહી

**બેની** અટકાયત, રૂ.૭.૨૦ લાખનો મુદ્દામાલ કબજે

ભરૂચ: નવા એક્સપ્રેસ વે પર દહેગામ ટોલનાકા પાસે ડ્રાઈવર-ક્લીનર સાથે એક ટ્રકમાં કતલ કરવાના ઈરાદે લઈ જવાતી ૧૪ ભેંસ અને એક પાડો મળી કુલ રૂ.૭.૨૦ લાખનો મુદ્દામાલ કબજે કરાયો હતો.

ભરૂચ કંટ્રોલ પોલીસ દ્વારા ભરૂચ રૂરલ પોલીસને વર્ધી મળી હતી કે, નવા એક્સપ્રેસ રોડ દહેગામ ટોલનાકા પાસે એક ટ્રક નં.(GJ-૨૪ X-૭૮૭૨) પશુ ભરીને આવશે. એ માટે વોચમાં પોલીસકર્મી મોકલવાની જાણ કરી હતી. જેને લઈ ભરૂચ રૂરલ પોલીસે દહેગામ ટોલનાકા પર રાત્રે વોચ ગોઠવી હતી. એક્સપ્રેસ વે પરથી દહેગામ ઊતરતા આ ટ્રકને રોકીને ક્લીનરને પૂછતાં સંતોષકારક જવાબ આપ્યો ન હતો. જેથી અંદર ચેક કરતાં ટ્રકમાં ખીચોખીચ ભેંસો અને પાડાને ભરી ટ્રક ડ્રાઈવર તાહિર હનીફભાઈ મન્સૂરી (ઉં.વ.૩૯) અને ક્લીનર અલ્તાફ અબ્બાસખાન સિપાઈ (ઉં.વ.૨૮) (બંને રહે.,ખડિયાસણ, મસ્જિદ પાસે, સિદ્ધપુર, જિ.પાટણ) લઈ જતા હતા. તેમને પૂછતાં પશુઓની હેરાફેરી કરવા માટે પાસ પરમિટ કે ડોક્ટરનું સર્ટિફિકેટ લીધું ન હતું. સઘન પૂછપરછ કરતાં ઘટસ્ફોટ કર્યો હતો કે, આણંદના સામરખા અજરભાઈએ ભેંસો અને પાડો ટ્રકમાં ભરીને ભરૂચમાં મુનાફભાઈને આપવા માટે મોકલ્યા હતા. ભરૂચ રૂરલ પોલીસે ડ્રાઈવર અને ક્લીનરની ધરપકડ કરી ૧૪ ભેંસ અને એક પાડો મળી કિં.રૂ.૨,૧૦,૦૦૦ તેમજ એક ટ્રક કિં.રૂ.૫,૦૦,૦૦૦ મળી કુલ રૂ.૭,૨૦,૦૦૦નો મુદ્દામાલ કબજે કરી પશુ ઘાતકીપણા એક્ટ હેઠળ બે વોન્ટેડ સહિત ચાર સામે ગુનો નોંધી વધુ કાર્યવાહી કરી છે.

# ડોલવણના પાઠકવાડીમાં ચંદનનું વૃક્ષ કાપી લઈ જતો ચોર ઝડપાયો

**બાઇકસવાર** ત્રણ ઇસમ આશરે ૨૫ વર્ષ જૂનું સાતેક ફૂટ લંબાઈનું વૃક્ષ કાપી જઈ રહ્યા હતા

વ્યારા: ડોલવણના પાઠકવાડી ગામે પટેલ ફળિયામાં આવેલા અભયકુમાર નલીનભાઇ પટેલની ખાતા નં.૧૫૫, સરવે નં.૨૦૬વાળી જમીનમાં ઘરની બાજુમાંથી તા.૧/૭/૨૦૨૪ના રોજ મધ્ય રાત્રે ૨:૪૫ વાગ્યાના અરસામાં રાહુલ પ્રભુલાલ બંજારા (રહે.,ઈસનખેડી ડેરા ૩, પોસ્ટ સજવાલી તા.મહીદપુર રોડ, જિ.ઉજ્જૈન, મધ્યપ્રદેશ), દિનેશ કરણસિંહ બંજારા તથા તેની સાથેના અન્ય અજાણ્યા ચોરોએ પોતાની મોટરસાઈકલ હીરો ડીલક્ષ નં.(એમ.પી.૧૩ ડીએક્સ ૫૧૭૩) ઉપર આવી આશરે ૨૫ વર્ષ જૂનું આશરે સાતેક ફૂટ લંબાઈનું ચંદનનું ઝાડ કિં. રૂ.૨૪,૭૫૦ કાપી લઈ ગયો હતો, જે ચંદનના ઝાડના ટુકડા નંગ-૩ સાથે રાહુલ બંજારા પકડાઇ જતાં આ ગુનામાં સંડોવાયેલા રાહુલ પ્રભુલાલ બંજારા, દિનેશ કરણસિંહ બંજારા સાથે આવેલ બીજા અજાણ્યા ઈસમો વિરુદ્ધ અભયકુમાર પટેલે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

बैंक ऑफ़ बड़ौदा
Bank of Baroda

સુરત શહેર ક્ષેત્ર-૨, બરોડા સન કોમ્પલેક્ષ, ઘોડ દોડ રોડ, સુરત-૩૯૫૦૦૭
ફોન : + ૯૧ ૯૪૦૯૩૧૬૯૦૪, + ૯૧ ૭૯૦૩૮ ૮૮૬૭૨

## ઈ-હરાજી વેચાણ નોટીસ

**સિકયુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ ઈન્ફોસમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ સહિત વંચાણે લેતા સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના નિયમ ૬ (૨) અને ૮ (૬)ની શરતો હેઠળ સ્થાવર અસ્કયામતોના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટીસ**

સિકયુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ ઈન્ફોસમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ (હવે પછી અહીં 'એકટ' તરીકે ઉલ્લેખ થશે) હેઠળ સ્થાવર / ચલિત અસ્કયામતોનું વેચાણ. આથી આ નોટીસ જાહેર જનતાને તથા વિશેષરૂપે દેવાદાર(રો) અને જામીનદાર(રો) અને ગીરવેદાર(રો) ને આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકતો સિકયુર્ટ ક્રેડિટર પાસે ગીરવે મુકાયેલ/ચાર્જમાં રહેલ જેનો કબજો બેંક ઓફ બરોડાના અધિકૃત અધિકારી, સિકયુર્ડ ક્રેડિટર દ્વારા લેવાયેલ છે. તે નીચે દર્શાવેલ ખાતા/ઓની વસુલી માટે "જે છે ત્યાં છે", "જે છે તે છે" અને "જેમ છે તેમ છે" ના આધારે વેચવામાં આવશે. જે અંગેનાં દેવાદાર/ઓ/ ગીરવેદાર/ જામીનદાર/ઓ, સુરક્ષિત કરેલ મિલકતો બાકી રકમ, અનામત કિંમત, ઈ-હરાજી તારીખ અને સમય, ઈએમડી અને બોલી વધારીની રકમ નીચે દર્શાવેલ છે.

| અ. નં. | શાખા / દેવાદારનું નામ અને ડિમાન્ડ નોટીસની તારીખ | મિલકતનાં માલિક | મિલકતનું વર્ણન | મિલકતનો પ્રકાર (રોહાઉસ/ફલેટ/રહે. પ્લોટ/ઔદ્યોગિક પ્લોટ/ ઔદ્યોગિક બિલ્ડીંગ) / કબજાનો પ્રકાર પ્રત્યક્ષ/સાંકેતિક | બાકી લેણા (લાખમાં) તા.૩૦.૦૬.૨૦૨૪ સુધીના વ્યાજ સહિત (જો કોઈ રીકવરી થઈ હોય તો તે બાદ કરતા) | ૧) અનામત કિંમત (લાખમાં) ૨) અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઈએમડી) ૩) બીડ વધારાની રકમ | સંપર્ક અધિકારીનું નામ અને નંબર |
|---|---|---|---|---|---|---|---|
| | **હરાજીની તા.૨૩.૦૭.૨૦૨૪, નિરિક્ષણ તા.૧૯.૦૭.૨૦૨૪ અને સમય : બપોરે ૨.૦૦ થી સાંજે ૬.૦૦** | | | | | | |
| ૧. | **તલાડપાટીયા** / ધર્મેન્દ્ર બ્રિજમોહન સિંઘ ૦૧.૦૯.૨૦૨૩ | ધર્મેન્દ્ર બ્રિજમોહન સિંઘ | રજીસ્ટર્ડ ઈકવીટેબલ મોર્ગેજ કરેલ **સિદ્ધાર્થ એવન્યુ**, એફ-બિલ્ડીંગ (મંજુર થયેલ પ્લાન મુજબ સી-ટાઈપ બિલ્ડીંગ) ના ૫મા માળ નો **ફલેટ નં.એફ/૫૦૨** (મંજુર થયેલ પ્લાન મુજબ ફલેટ નં.સી/૫૦૬) જેનું અંદાજે માપ ૬૦.૭૪ ચો.મી., રે.સ.નં.૧૩૦ અને ૧૪૩, બ્લોક નં.૧૯૦, ગામ માસમા, તા.ઓલપાડ, જી.સુરત ખાતે આવેલ છે. | ફલેટ / પ્રત્યક્ષ | રૂા.૧૦.૦૪ + અન્ય ચાર્જીસ | ૧) ૧૦.૫૯ ૨) ૧.૦૬ ૩) ૦.૧૦ | વિજય કુમાર ૮૯૮૦૦૨૬૭૩૬ |
| ૨. | **બેગમપુરા** / મેહુલભાઈ હમીરભાઈ રોજાસરા ૨૬.૦૮.૨૦૧૯ | મેહુલભાઈ હમીરભાઈ રોજાસરા | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત શિવ નગર સ્થિત રીવાઈઝડ પ્લાન મુજબ પ્લોટ નં.૨૧૭ (જુનો પ્લોટ નં.એ-૧૭૪) જેનું માપ ૩૯.૦૬ ચો.મી. જે જમીનમાં ૭.૪૨ ચો.મી.માં આવેલ કોમન રોડ અને સીઓપી ના પ્રમાણસર વણવહેંચાયેલ હિસ્સા સહિત, બ્લોક નં.૩૪૭, રેવન્યુ સર્વે નં.૩૬૦, મોજે ગામ કામરેજ, તા.કામરેજ, જી.સુરત ખાતે આવેલ છે. | રો હાઉસ / પ્રત્યક્ષ | રૂા.૧૫.૨૬ + અન્ય ચાર્જીસ | ૧) ૮.૦૨ ૨) ૦.૮૧ ૩) ૦.૧૦ | નરેશ સંકલેચા : ૮૯૮૦૦૨૧૦૬૯ |
| ૩. | **બેગમપુરા** / વાલ્મિક સીતારામ મિસ્ત્રી ૧૨.૦૪.૨૦૨૧ | વાલ્મિક સીતારામ મિસ્ત્રી | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત સીલીકોન રેસીડન્સી સોસાયટી સ્થિત પ્લોટ નં.૨૮૬ (કેજેપી રેકર્ડ મુજબ બ્લોક નં.૧૧૧/બી/૨૮૬ માપ ૪૨.૭૯ ચો.મી.), કુલ માપ ૪૪.૬૧ ચો.મી., બ્લોક નં.૧૧૧/બી (રે.સ.નં.૭૭/૨, જુનો બ્લોક નં.૧૧૧/બી અને ૧૧૧/સી) ગામ જોળવા, તા.પલસાણા, જી.સુરત ખાતે આવેલ છે. | રો હાઉસ / પ્રત્યક્ષ | રૂા.૧૩.૭૮ + અન્ય ચાર્જીસ | ૧) ૭.૪૪ ૨) ૦.૭૫ ૩) ૦.૧૦ | નરેશ સંકલેચા : ૮૯૮૦૦૨૧૦૬૯ |
| ૪. | **બેગમપુરા** / આશિષ શિવસાગર મૌર્ય ૦૯.૦૬.૨૦૧૯ | આશિષ શિવસાગર મૌર્ય | **આરાધના પેલેસ** નામની સોસાયટી સ્થિત **પ્લોટ નં.૨૦૨**, રેવન્યુ સર્વે નં.૨૫/૧, બ્લોક નં.૨૯, મોજે ગામ જોળવા, તા.પલસાણા, જી.સુરત ખાતે આવેલ છે. (ખુલ્લા પ્લોટનું માપ ૪૦.૧૫ ચો.મી. + ૩૧.૧૬ ચો.મી.માં આવેલ રોડ અને સીઓપી ના પ્રમાણસર વણવહેંચાયેલ હિસ્સા સહિત) કુલ માપ ૭૧.૩૧ ચો.મી.ખાતે આવેલ છે. | રો-હાઉસ / પ્રત્યક્ષ | રૂા.૧૩.૪૫ + અન્ય ચાર્જીસ | ૧) ૭.૪૪ ૨) ૦.૭૫ ૩) ૦.૧૦ | નરેશ સંકલેચા : ૮૯૮૦૦૨૧૦૬૯ |
| ૫. | **ચલથાણ** / તેજપ્રકાશ ગોપાલસિંહ પવાર ૧૮.૦૧.૨૦૨૩ | તેજપ્રકાશ ગોપાલસિંહ પવાર | **શિવધારા રેસીડન્સી વિભાગ -૧ સ્થિત પ્લોટ નં.૭૬**, જેનું માપ આશરે ૬૦.૧૧ ચો.મી., બ્લોક નં.૯૨, મોજે જોળવા, સબ ડીસ્ટ્રીકટ. પલસાણા, જી.સુરત- ૩૯૪૩૦૫ ખાતે આવેલ છે. | રો- હાઉસ / પ્રત્યક્ષ | રૂા.૨૪.૯૭ + અન્ય ચાર્જીસ | ૧) ૧૧.૬૧ ૨) ૧.૧૭ ૩) ૦.૧૦ | રવી રંજન : ૮૯૮૦૦૨૧૦૭૩ |
| ૬. | **ફૂલપાડા** / પિનકલભાઈ વિનોદભાઈ દોશી ૦૩.૦૪.૨૦૨૧ | પિનકલભાઈ વિનોદભાઈ દોશી અને કૃણાલભાઈ વિનોદભાઈ દોશી | **હરિ કૃષ્ણ રેસીડન્સી** નામની બિલ્ડીંગ નં.એચ ના ૨જા માળનો **ફલેટ નં.૨૦૬**, જેનું બિલ્ટઅપ એરીયા આશરે માપ ૬૨૩ ચો.ફૂટ એટલે કે ૫૭.૮૯ ચો.મીટર બ્લોક નં.૩૩૮/બી, ગામ. ઉમરા, તા. ઓલપાડ, જી.સુરત ખાતે આવેલ છે. | રો- હાઉસ / પ્રત્યક્ષ | રૂા.૧૮.૩૬ + અન્ય ચાર્જીસ | ૧) ૧૧.૯૦ ૨) ૧.૧૯ ૩) ૦.૧૦ | પ્રતિક શાહ : ૮૯૮૦૦૨૬૬૩૨ |
| ૭. | **સચીન** / ભગવતી સીરવી તા.૧૨.૦૪.૨૦૨૧ | ભગવતી સીરવી અને પુષ્પા સીરવી | **ધર્માનંદન રેસીડન્સી** સ્થિત **પ્લોટ નં.૭૦**, જેનું માપ ૪૦.૧૮ ચો.મી જે જમીનમાં ૨૮.૧૦ ચો.મી. માં આવેલ રોડ માર્જીન અને કુલ જમીન માપ આશરે ૬૮.૨૮ ચો.મી.ના આંતરીક અને બહારના પ્રમાણસર વણવહેંચાયેલ હિસ્સા સહિત, સર્વે નં.૨૦૦ + ૨૧૩ પૈકી બ્લોક નં.૨૪૧ પૈકી બિન ખેતીની રહેણાંકના હેતુની જમીન મોજે ગામ દેરોદ, સબ ડીસ્ટ્રીકટ કામરેજ, જી.સુરત ખાતે આવેલ છે. | રોહાઉસ / પ્રત્યક્ષ | રૂા.૧૯.૧૮ + અન્ય ચાર્જીસ | ૧) ૮.૯૩ ૨) ૦.૯૦ ૩) ૦.૧૦ | રાજીવ રંજન ૬૩૫૯૯૦૯૮૧૯ |
| ૮. | **સચીન** / વિજયભાઈ લખનભાઈ ચૌહાણ અને ભાવનાબેન વિજયભાઈ ચૌહાણ ૦૮.૦૪.૨૦૨૧ | વિજયભાઈ લખનભાઈ ચૌહાણ અને ભાવનાબેન વિજયભાઈ ચૌહાણ | **ધર્માનંદન રેસીડન્સી** સ્થિત **પ્લોટ નં.૫૬** જેનું માપ ૪૦.૧૮ ચો.મી. જે જમીનમાં ૨૮.૧૦ ચો.મી.માં આવેલ સીઓપી અને કોમન રોડ ના પ્રમાણસર વણવહેંચાયેલ હિસ્સા સહિત (કુલ માપ ૬૮.૨૮ ચો.મી.), બ્લોક નં.૨૪૧ (રી-સર્વે બાદ બ્લોક નં.૨૪૦+૨૪૪), રેવન્યુ સર્વે નં.૨૦૦+૨૧૩ મોજે ગામ દેરોડ, તા.કામરેજ, જી.સુરત-૩૯૪૧૮૦ ખાતે આવેલ છે. | રો-હાઉસ / પ્રત્યક્ષ | રૂા.૧૫.૩૩ + અન્ય ચાર્જીસ | ૧) ૯.૮૦ ૨) ૦.૯૮ ૩) ૦.૧૦ | રાજીવ રંજન ૬૩૫૯૯૦૯૮૧૯ |
| ૯. | **સચીન** / ગોવિંદભાઈ કાળુભાઈ રંગોલીયા ૦૧.૦૧.૨૦૨૦ | ગોવિંદભાઈ કાળુભાઈ રંગોલીયા | **પ્લોટ નં.૧૯૧**, ક્ષેત્રફળ ૬૩.૫૧ ચો.મી. ૩૬.૬૮ ચો.મી.ની ખુલ્લી જમીન જેનો સરખા ભાગનો અવિભાજીત હિસ્સા સહિતની જમીન પૈકી **'શ્રી શુભ રેસીડન્સી'** મોજે ગામ જોખા, સબ-ડિસ્ટ્રીકટ કામરેજ અને ડિસ્ટ્રીકટ સુરત ખાતે રેવન્યુ સર્વે નં.૧૯૨/૨૫ પૈકી બ્લોક નં.૨૦૪, મોજે ગામ જોખા, સબ-ડિસ્ટ્રીકટ કામરેજ અને ડિસ્ટ્રીકટ સુરત શ્રી ગોવિંદભાઈ કાળુભાઈ રંગોલીયાના નામે આવેલ છે. | રો-હાઉસ / પ્રત્યક્ષ | રૂા.૨૬.૯૮ + અન્ય ચાર્જીસ | ૧) ૧૦.૧૩ ૨) ૧.૦૨ ૩) ૦.૧૦ | રાજીવ રંજન ૬૩૫૯૯૦૯૮૧૯ |
| | **હરાજીની તા.૦૭.૦૮.૨૦૨૪, નિરિક્ષણ તા.૦૧.૦૮.૨૦૨૪ અને સમય : બપોરે ૨.૦૦ થી સાંજે ૬.૦૦** | | | | | | |
| ૧૦. | **સચીન** / ગૌરીશંકર બલદેવ રાય અને પ્રભાદેવી ગૌરીશંકર રાય ૩૦.૦૬.૨૦૨૧ | ગૌરીશંકર બલદેવ રાય | **આરાધના લેક ટાઉન વિભાગ-૨** નો **પ્લોટ નં.૮૫** માપ આશરે ૭૦.૦૦ ચો.વાર (કેજેપી મુજબ પ્લોટ નં ૩/૮૫ માપ આશરે ૫૮.૫૨ ચો.મીટર) ૨૫.૬૮ ચો.મી. ના સીઓપી અને રોડ ના વણવહેંચાયેલ મિલકત ના પ્રમાણસર હિસ્સા સહિત, જમીન નો નવો બ્લોક નં -૩(બ્લોક નં.૩,૪,૫,૬,૭,૮,૯,૧૦,૧૨,૧૯ અને ૩૬૨)મોજે ગામ જોલવા,તા. પલસાણા, જી.સુરત ખાતે આવેલ છે. | રો-હાઉસ / પ્રત્યક્ષ | રૂા.૧૫.૩૩ + અન્ય ચાર્જીસ | ૧) ૧૧.૪૫ ૨) ૧.૧૫ ૩) ૦.૧૦ | રાજીવ રંજન ૬૩૫૯૯૦૯૮૧૯ |
| ૧૧. | **સચીન** / દુલાલ નરેશ સરકાર ૦૭.૦૪.૨૦૨૧ | દુલાલ નરેશ સરકાર | **'જોલવા રેસીડન્સી'**નો **પ્લોટ નં.૨૫૨** ક્ષેત્રફળ ૪૦.૧૩ ચો.મી. એટલે કે ૪૮.૦૦ ચો.વાર (કે.જે.પી મુજબ બ્લોક નં.૨૨૩/૨૫૨ ક્ષેત્રફળ ૪૦.૧૯ ચો.મી. એટલે કે ૪૮.૦૭ ચો.વાર) જેમાં ૬.૧૬ ચો.મી. ક્ષેત્રફળનાં સીઓપી ના પ્રમાણસર અવિભાજીત હિસ્સા અને ૧૨.૦૯ ચો.મી. માર્જીન સહિત જેનો બ્લોક નં.૨૨૩ (રે.સ.નં.૧૮૨) મોજે ગામ જોલવા, તાલુકા પલસાણા, જી.સુરત ખાતે આવેલ છે. | રો-હાઉસ / પ્રત્યક્ષ | રૂા.૧૪.૭૬ + અન્ય ચાર્જીસ | ૧) ૯.૪૫ ૨) ૦.૯૫ ૩) ૦.૧૦ | રાજીવ રંજન ૬૩૫૯૯૦૯૮૧૯ |
| ૧૨. | **સચીન** / કમલેશકુમાર કામતાપ્રસાદ ચતુર્વેદી અને કામતાપ્રસાદ જગબહાદુર ચતુર્વેદી ૦૨.૧૨.૨૦૨૨ | કામતાપ્રસાદ જગબહાદુર ચતુર્વેદી | **આરાધના ડ્રીમ વિભાગ-૧**, નો **પ્લોટ નં.૧૪૮**, જેનુ આશરે માપ ૪૬.૬૬ ચો વાર, જેની જમીન નો બ્લોક નં. ૧૫૯, મોજે ગામ જોલવા, તા.પલસાણા,જી.સુરત ખાતે આવેલ છે | રો-હાઉસ / પ્રત્યક્ષ | રૂા.૧૧.૧૨ + અન્ય ચાર્જીસ | ૧) ૯.૯૮ ૨) ૧.૦૦ ૩) ૦.૧૦ | રાજીવ રંજન ૬૩૫૯૯૦૯૮૧૯ |
| ૧૩. | **સચીન** / મેઘપરા રમેશભાઈ નારણભાઈ અને મેઘપરા ગીતાબેન રમેશભાઈ ૦૬.૦૪.૨૦૨૧ | મેઘપરા રમેશભાઈ નારણભાઈ | **સાકાર રેસીડન્સી** સ્થિત **પ્લોટ નં.બી/૧૮**, જેનું માપ ૭૦.૫૨ ચો.મી. જે જમીનમાં ૪૫.૧૭ ચો.મી. માં આવેલ રોડ/રસ્તા અને સી.ઓ.પી. ના પ્રમાણસર વણવહેંચાયેલ હિસ્સા સહિત, રેવન્યુ સર્વે નં.૨૦૭/૧, ૨૧૨, ૨૧૩, બ્લોક નં.૨૮૬/બી/૨, કુલ માપ ૧૯૦૮૭.૦૦ ચો.મી. મોજે ગામ મુળદ, સબ ડીસ્ટ્રીકટ ઓલપાડ, જી.સુરત ખાતે આવેલ છે. | રો-હાઉસ / પ્રત્યક્ષ | રૂા.૨૫.૬૩ + અન્ય ચાર્જીસ | ૧) ૧૦.૦૫ ૨) ૧.૦૧ ૩) ૦.૧૦ | રાજીવ રંજન ૬૩૫૯૯૦૯૮૧૯ |
| ૧૪. | **ઓલપાડ** / નરાયણ પુરસ્તમ ભુયાન અને ગાયત્રી નારાયણ ભુયાન ૧૮.૦૯.૨૦૨૩ | નરાયણ પુરસ્તમ ભુયાન અને ગાયત્રી નારાયણ ભુયાન | **મહેક રેસીડન્સી** સ્થિત જમીન અને બિલ્ડીંગ **પ્લોટ નં.૯૪**, માપ ૭૨.૦૦ ચો.વાર એટલે કે ૬૦.૨૮ ચો.મીટર, મંજૂર થયેલ પ્લાન ના હિસ્સા સહીત રોડ અને સી.ઓ.પી. ના માપ ૩૬.૯૭ ચો.મીટર કુલ માપ ૯૭.૨૫ ચો.મીટર, રેવન્યુ સર્વે નં.૪૨/૧, પૈકી ૪૨/૨, ૪૧/૧ પૈકી, ૪૦/૨ પૈકી ૩૯/૩, ૩૯/૪, બ્લોક નં.૪૨, ૪૩ અને ૪૪, જેનુ માપ ૨૨૧૫૬.૦૦ ચો.મીટર, ગામ. માધર, સબ ડીસ્ટ્રીકટ. ઓલપાડ, જી. સુરત ખાતે આવેલ છે. | રો-હાઉસ / પ્રત્યક્ષ | રૂા.૧૦.૫૨ + અન્ય ચાર્જીસ | ૧) ૯.૩૫ ૨) ૦.૯૪ ૩) ૦.૧૦ | એચ.ડી કામલે ફો. ૦૨૬૨૧-૨૨૨૦૩૨, ૮૯૯૦૦૨૬૬૬૧ |
| ૧૫. | **ઓલપાડ** / ચંદ્રેશ બ્રિજલાલ વર્મા અને સુધા ચંદ્રેશ વર્મા ૨૧.૦૯.૨૦૨૩ | ચંદ્રેશ બ્રિજલાલ વર્મા અને સુધા ચંદ્રેશ વર્મા | **શિવમ રેસીડન્સી વિભાગ-૧** સ્થિત **પ્લોટ નં.૧૩૨/બી**, જેનું આશરે માપ ૪૪.૬૧ ચો.મી. જે જમીનમાં આવેલ રોડ અને ખુલ્લી જમીન ના પ્રમાણસર વણવહેંચાયેલ હિસ્સા સહિત, બ્લોક નં.૧૨૮, રેવન્યુ સર્વે નં.૧૨૮/૧૨૯/૧૩૩ મોજે ગામ કારેલી, સબ ડીસ્ટ્રીકટ પલસાણા, જી.સુરત ખાતે આવેલ છે. | રો-હાઉસ / પ્રત્યક્ષ | રૂા.૧૧.૧૩ + અન્ય ચાર્જીસ | ૧) ૮.૧૦ ૨) ૦.૮૧ ૩) ૦.૧૦ | એચ.ડી કામલે ફો. ૦૨૬૨૧-૨૨૨૦૩૨, ૮૯૯૦૦૨૬૬૬૧ |
| ૧૬. | **ઓલપાડ** / રાજેન્દ્ર પ્રસાદ ગુર્જર ૧૩.૧૦.૨૦૨૩ | રાજેન્દ્ર હરદેવા ગુર્જર | **પ્લોટ નં.૪૭૮**,માપ આશરે ૭૨.૧૦ ચો.વાર એટલે કે ૬૦.૨૮ ચો.મી (૬૦.૨૮ ચો.મી ૭/૧૨ મુજબ) ભોયતળીયા ના બાંધકામ સાથે **' ગૃહમ એકઝોટીકા'** મધુરમ બગ્લોઝ ની પાછળ, કરમલા - અટોદરા રોડ, કરમલા રોડ, કે જે બ્લોક નં.૨૬૬ (કે.જે.પી. બાદ બ્લોક નં.૨૬૬-૪૭૮) કુલ જમીન એરીયા નુ માપ ૫૨૩૦૬ ચો.મી મોજે ગામ કરમલા,સબ ડી. ઓલપાડ, જી.સુરત ખાતે આવેલ છે. | રો-હાઉસ / પ્રત્યક્ષ | રૂા.૧૭.૧૯ + અન્ય ચાર્જીસ | ૧) ૧૨.૪૦ ૨) ૧.૨૪ ૩) ૦.૧૦ | એચ.ડી કામલે ફો. ૦૨૬૨૧-૨૨૨૦૩૨, ૮૯૯૦૦૨૬૬૬૧ |
| ૧૭. | **એમએસએમઈ** / ચંદા મૌર્ય ૧૬.૧૧.૨૦૨૩ | ચંદા મૌર્ય | **શ્રી ગોવર્ધન ડ્રીમ રેસીડન્સી** સ્થિત **પ્લોટ નં.૧૪૫** જેનું માપ ૪૮.૦૨ ચો.વાર કે.જે.પી. મુજબ બ્લોક નં.૩૭૬/૧૪૫ માપ ૪૦.૧૫ ચો.મી. જે જમીનમાં ૨૬.૨૩ ચો.મી.માં આવેલ રોડ અને સીઓપી ના પ્રમાણસર વણવહેંચાયેલ હિસ્સા સહિત, રી-સર્વે/બ્લોક નં.૨૯૩, જુનો બ્લોક નં.૩૫૩/એ, રીવાઈઝ્ડ બ્લોક નં.૩૭૬ માપ ૨૫૯૩૬ ચો.મી. મોજે ગામ હલધરૂ, તા.કામરેજ, જી.સુરત ખાતે આવેલ છે. | રો-હાઉસ / પ્રત્યક્ષ | રૂા.૯.૪૨ + અન્ય ચાર્જીસ | ૧) ૭.૫૬ ૨) ૦.૭૬ ૩) ૦.૧૦ | સંજીવ પાંડે ૮૯૮૦૦૨૧૦૫૫ |
| ૧૮. | **બલેશ્વર** / સુમેરસિંઘ વદનસિંઘ રાજપૂત ૦૬.૦૪.૨૦૨૧ | સુમેરસિંઘ વદનસિંઘ રાજપૂત | **'નક્ષત્ર રેસીડેન્સી'** નો **પ્લોટ નં. ૧૧૫**, જેનું માપ ૭૨ ચો. વાર ૬૦.૨૮ ચો.મી. ( કે જે પી બ્લોક નં. ૨૫૬/૧૧૫ માપ ૬૦.૯૩ ચો.મીટર) રેવન્યુ સર્વે નં. ૨૧૪, બ્લોક નં.૨૫૬, ગામ જોળવા, સબ ડીસ્ટ્રીકટ પલસાણા, જી. સુરત ખાતે આવેલ છે. | રો-હાઉસ / પ્રત્યક્ષ | રૂા.૨૧.૧૯ + અન્ય ચાર્જીસ | ૧) ૧૨.૫૫ ૨) ૧.૨૬ ૩) ૦.૧૦ | રાજનાથ સાહ ૮૯૮૦૦૨૬૬૧૬ |
| ૧૯. | **બલેશ્વર** / ગુલશન બલદેવ સેહગલ અને નીરૂ સેહગલ ૧૭.૧૧.૨૦૨૩ | ગુલશન બલદેવ સેહગલ અને નીરૂ સેહગલ | **કાસા હોમ્સ** સ્થિત નો **પ્લોટ નં.૧૬** (કેજેપી બાદ બ્લોક નં.૧૪૫-૧૬ તરીકે ઓળખાતો) જેનું માપ અંદાજે ૧૧૬.૦૭ ચો.મી. અને જમીનમાં ૫૩.૩૫ ચો.મી.માં આવેલ સોસાયટીનો આંતરિક રોડ, રસ્તા અને કોમન ખુલ્લો પ્લોટ ના પ્રમાણસર વણવહેંચાયેલ હિસ્સા સહિત, બિન-ખેતીની રહેણાંકના હેતુની જમીન રેવન્યુ સર્વે નં.૧૨૮, બ્લોક નં.૧૪૫, માપ અંદાજે હેકટર ૦-૭૪-૮૭ ચો.મી.,એટલે કે ૭૪૮૭ ચો.મી. બરાબર, ગામ સોયાણી, સબ ડીસ્ટ્રીકટ પલસાણા, જી.સુરત, ખાતે આવેલ છે. | રો-હાઉસ / પ્રત્યક્ષ | રૂા.૩૪.૨૩ + અન્ય ચાર્જીસ | ૧) ૩૧.૮૧ ૨) ૩.૧૯ ૩) ૦.૧૦ | રાજનાથ સાહ ૮૯૮૦૦૨૬૬૧૬ |
| ૨૦. | **કતારગામ** / શ્રી આશાપુરા ટેક્ષ્ટાઈલ્સ ૧૨.૧૦.૨૦૨૩ | ચંપાકુંવર કાલુસિંઘ દેવડા | **ફલાવર વેલી** સ્થિત **પ્લોટ નં.એ/૨૭** જેનું માપ ૨૪૭૫ ચો.ફુટ, જેનું આયોજન રેવન્યુ સર્વે નં.૧૪૨ અને બ્લોક નં.૧૪૮ પૈકી દક્ષિણ તરફનું માપ ૨૭૫૭૮ ચો.મી. અને રેવન્યુ સર્વે નં.૧૪૩ અને બ્લોક નં.૧૪૯ આશરે માપ ૮૪૪૮ ચો.મી. મળી કુલ આશરે માપ ૩૬૦૨૬ ચો.મી. વાળી ગામ કારેલી, તા.પલસાણા, જી.સુરત ખાતે આવેલ છે. | રો-હાઉસ / પ્રત્યક્ષ | રૂા.૩૯.૬૫ + અન્ય ચાર્જીસ | ૧) ૩૮.૯૫ ૨) ૩.૯૦ ૩) ૦.૧૦ | ઉમેશ રજક ૮૯૮૦૦૨૬૭૩૦ |
| ૨૧. | **કતારગામ** / મુકેશભાઈ માકોડભાઈ લાખાણી ૧૬.૧૦.૨૦૨૩ | મુકેશભાઈ માકોડભાઈ લાખાણી | **કૃપા રેસીડન્સી** ની **બિલ્ડીંગ નં.'એ'** ના ૪થા માળનો **ફલેટ નં.એ/૪૦૨** જેનુ માપ આશરે ૮૫૭.૦૦ ચો.ફુટ છે. જે જમીન ના કોમન હક્ક સાથે પ્રમાણસર વણવહેંચાયેલ હિસ્સા સહિતનુ બાંધકામ રેવન્યુ સર્વે નં.૧૨, ટી.પી.સ્કીમ નં.૨૬, એફ.પી.નં.૧૦/એ (૧૦/૧) અને ૧૦/બી (૧૦/૨), નવો એફ.પી.નં.૧૩ અને ૧૪ વાળી ગામ સીંગણપોર, તા.સુરત સીટી, જી.સુરત ખાતે આવેલ છે. | ફલેટ / પ્રત્યક્ષ | રૂા.૫.૦૯ + અન્ય ચાર્જીસ | ૧) ૧૨.૩૬ ૨) ૧.૨૪ ૩) ૦.૧૦ | ઉમેશ રજક ૮૯૮૦૦૨૬૭૩૦ |

**સરફેસી એકટ હેઠળ દેવાદાર/જામીનદાર/ગીરવેદારને ૧૫ દિવસની અં. નં. ૧ થી ૯ માટે અને ૩૦ દિવસ ની અં.નં. ૧૦ થી ૨૧ માટે વૈધાનિક વેચાણ નોટીસ**

તમામ મિલકત માટે બિડ વધારા રકમ રૂા.૧૦,૦૦૦/- (રૂપિયા દશ હજાર પુરા) રહેશે. વેચાણનાં વિસ્તૃત નિયમો અને શરતો માટે કૃપા કરી આપેલ લીંક https://www.bankofbaroda.in/e-auction.htm, https://ibapi.in પર જાવ. સંભવિત બિડરો અધિકૃત અધિકારી ફોન નં. +૯૧ ૯૪૦૯૩૧૬૯૦૪, +૯૧ ૭૯૦૩૮ ૮૮૬૭૨ નો સંપર્ક કરે અથવા www.mstcecommerce.com ની મુલાકાત લો.

(જો અંગ્રેજી સંસ્કરણ અને કોઈપણ અન્ય ભાષાના સંસ્કરણ વચ્ચે વિસંગતતા જણાય તો અંગ્રેજી સંસ્કરણને માન્ય ગણવામાં આવશે.)

SCAN HERE For detailed Terms & Conditions

તા.૦૩.૦૭.૨૦૨૪ । સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, ચીફ મેનેજર, બેંક ઓફ બરોડા